APPENDICES

APPENDIX		PAGE
A :	Intelligence Test	281
B :	Torrance Test of Creative Thinking	298
C :	Pre-achievement Test of Science (Gujarati and English Version)	307
D :	Model Lesson Plans (Gujarati Version and English Version)	314
E :	Achievement Tests (AT) (AT_1 to AT_4)	337
F :	Tests of Creative Thinking (C.T.) (CT_1 to CT_4) (Gujarati and English Version)	347

APPENDIX A :

INTELLIGENCE TEST

(Gujarati Version)

ધોરણ ૫, ૬, ૭ માટે

સમૂહ બુદ્ધિ કસોટીઓ

પ્રયોજક : ડૉ. ચંપા ભટ્ટ, એમ.એ., એમ.એડ્., પીએચ.ડી.

પૂરું નામ _____

શાળાનું નામ _____ ધોરણ _____

વાલીનો ધંધો _____ જાત _____

ઉંમર _____

આજની તારીખ _____

સૂચના

આ પુસ્તિકા મળે કે તરત જ ઉપરની માહિતી ભરી દો.

કહેવામાં ન આવે ત્યાં સુધી પુસ્તિકા ખોલશો નહિ.

આ પુસ્તિકામાં કુલ સાત કસોટી આપેલી છે. દરેક કસોટી એક પછી એક લેવાની છે.

દરેક કસોટીમાં તમારે શું કરવાનું છે તે સમજાવતી સૂચના કસોટીના મથાળે આપેલી છે. નવી કસોટીના જવાબો આપવાનું તમને કહેવામાં આવે તે પહેલાં સૂચના સમજાવવામાં આવશે, તે ધ્યાનપૂર્વક સમજી લેશો.

એક કસોટી પૂરી થાય એટલે અટકી જાઓ અને પેન્સિલ નીચે મૂકી દો.

તમને કહેવામાં આવે ત્યારે જ બીજી કસોટી શરૂ કરો.

કસોટીનો જવાબ ખોટો અપાઈ ગયો છે એમ તમને લાગે અને તમારે તે બદલવો હોય તો રબરથી છેકવામાં સમય બગાડશો નહિ, પણ ખોટા જવાબ ઉપર ગોળ દોરી દઈ સાચો જવાબ માગ્યા મુજબ આપો.

કસોટીનો કોઈ પ્રશ્ન ન આવડે તો ગપ્પું ન મારતાં તે પ્રશ્ન છોડી દઈ આગળ ચાલો.

બને તેટલી ઝડપથી કામ કરો. પરીક્ષા શરૂ થયા પછી કોઈને કશું પૂછતા નહિ, આજુબાજુ જોતા નહિ, તેમ જ કોઈ પણ જાતનો અવાજ કરી બીજાને ખલેલ પહોંચાડતા નહિ.

Test	R	W	S
I R			
II R			
III R−W/3			
IV R−W/4			
V R−W/3			
VI R−W/3			
VII R−W/2			
Total			
PR		IQ	

મહાવરા કસોટી

સૂચના : નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.

૧. અહીં મોટા અક્ષરે છાપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ શોધી તેની નીચે લીટી દોરો.
એક ફૂલનું નામ સૂર્યમુખી છે, કેમ કે તે સૂર્ય સામે પોતાનું **મૂળ/ મુખ/ થડ** રાખે છે.

૨. કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ શોધી તેની નીચે લીટી દોરો.
બૂટ અને દોરી વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ સંબંધ ખમીસ અને કોની વચ્ચે હશે ? (બટન, કોટ, બાંય, કપડું).

૩. દરેક હારમાં જે એક ચિત્ર બીજાં ચિત્રોથી જુદું પડતું હોય તે શોધી કાઢી તેના પર ચોકડી કરો.

(૧)



(૨)

૪. નીચે દરેક ચોકઠામાં ચાર ચિત્રમાંથી જે એક ચિત્ર અર્થ વગરનું કે ખોટું લાગતું હોય તે શોધી કાઢી તેના પર ચોકડી કરો.

૧



૨



હવે પેન્સિલ મૂકી દો.
કહેવામાં આવે ત્યારે જ પાનું ફેરવજો.

કસોટી ૧

ટેબલના પાયા

સૂચના : નીચે કેટલાંક ટેબલ આપ્યાં છે તથા છેલ્લે કેટલાક પાયા આપ્યા છે. દરેક ટેબલના પાયા જુદી જુદી જાતના છે. દરેક ટેબલના પાયાના જેવો જ પાયો નીચે આપેલા પાયામાંથી શોધી કાઢવાનો છે અને તે પાયાનો નંબર ટેબલ ઉપર લખવાનો છે. પહેલા ટેબલના પાયાને મળતો કયો પાયો છે? ૬ નંબરનો. માટે પહેલા ટેબલ ઉપર ૬ લખ્યું છે. એ જ પ્રમાણે બીજાં ટેબલો જુઓ. તેમના જેવો પાયો શોધી તેનો નંબર તે ટેબલ ઉપર લખો.





અહીં અટકી જાઓ.

કસોટી ૨

ધંધા અને વસ્તુઓ

સૂચના : નીચે દરેક ચોકઠામાં બે ઊભી હાર છે. એક હારમાં કેટલાક ધંધાનાં નામ આપ્યાં છે અને બીજી હારમાં કેટલીક વસ્તુઓનાં નામ આપ્યાં છે. પહેલી હારના દરેક ધંધા સાથે સૌથી વધુ સંબંધ ધરાવતી વસ્તુનું નામ બીજી હારમાંથી શોધી કાઢો અને સામે આપેલી ખાલી જગ્યામાં લખો. એક જ વસ્તુનું નામ બે ધંધા સાથે જોડશો નહિ.

દાખલા તરીકે પહેલું 'દાક્તર' છે, માટે દાક્તર સામે 'દવા' લખ્યું છે. હવે બીજું શું લખ્યું છે? 'ખલાસી'. એની સાથે 'વહાણ' શબ્દ બંધબેસતો આવે છે, માટે ખાલી જગ્યામાં 'વહાણ' લખ્યું છે. આ પ્રમાણે વિભાગ ૧ અને ૨ કરો.

વિભાગ ૧

ધંધાનાં નામ	વસ્તુનાં નામ	વસ્તુનાં નામ
(૧) દાક્તર	દવા	જોડા
(૨) ખલાસી	વહાણ	દવા
(૩) મોચી	_____	માટલું
(૪) કુંભાર	_____	તંબૂરો
(૫) માળી	_____	વહાણ
(૬) ધોબી	_____	કડછી
(૭) હજામ	_____	લાકડું
(૮) પોલિસ	_____	બંદૂક
(૯) ગવૈયો	_____	ઇસ્ત્રી
(૧૦) દરજી	_____	રંગ
(૧૧) રંગરેજ	_____	તીર
(૧૨) રસોઈયો	_____	સોય
		અસ્ત્રો
		ફૂલ

વિભાગ ૨

ધંધાનાં નામ	વસ્તુનાં નામ	વસ્તુનાં નામ
(૧) ચિત્રકાર	_____	વાવટો
(૨) લેખક	_____	ઘૂઘરા
(૩) શિક્ષક	_____	પીંછી
(૪) ખેડૂત	_____	શાક
(૫) ટપાલી	_____	સૂંઠ
(૬) કાછિયો	_____	પાણી
(૭) વણકર	_____	પત્ર
(૮) પખાલી	_____	ચાક
(૯) ગાર્ડ	_____	સાળ
(૧૦) ગાંધી	_____	કલમ
		રથ
		હળ

અહીં અટકી જાઓ.

કસોટી ૩

સરખો સંબંધ

સૂચના : નીચે પહેલી લીટી જુઓ. કાકા અને ફોઈ વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ સંબંધ મામા અને કોની વચ્ચે હશે? કૌંસમાં આપેલા શબ્દોમાંથી જવાબ શોધી કાઢો. 'માસી' યોગ્ય જવાબ છે, માટે 'માસી' નીચે લીટી દોરી છે. એ જ પ્રમાણે બીજાં બે ઉદાહરણો પણ તપાસો.

(૧) કાકા : ફોઈ — મામા : ? (મામી, ફોઈ, માસી, કાકી)
(૨) કાગડો : કાળો — દૂધ : ? (ધોળું, પાતળું, ઠંડું, ગરમ)
(૩) ચાળણી : ચાળવું — ઘંટી : ? (ફેરવવું, દળવું, ઓરવું, વેરવું)
(૪) મરચું : તીખાશ — લીંબુ : ? (ખટાશ, પીળાશ, લીલાશ, ખારાશ)
(૫) હિંદુ : મંદિર — મુસલમાન : ? (ઈદ, બંદગી, મસ્જિદ, દેવળ)
(૬) માણસ : નાક — હાથી : ? (પગ, પૂંછડી, સૂંઢ, દંતૂશળ)
(૭) ઘોડાગાડી : ઘોડો — ગાડું : ? (ગામડું, બળદ, ખેડૂત, બકરો)
(૮) આગગાડી : કોલસા — મોટર : ? (પેટ્રોલ, મુસાફરી, પૈડું, પાણી)
(૯) દિવસ : સૂર્ય — રાત્રિ : ? (આકાશ, તારા, વાદળ, ધ્રુવ)
(૧૦) લાકડું : સુથાર — ચામડું : ? (જોડા, મોચી, ચંપલ, સિલાઈ)
(૧૧) પાણી : તરવું — હવા : ? (ઊડવું, રમવું, ફરવું, ખાવું)
(૧૨) પીછું : હલકું — પથ્થર : ? (કાળો, મોટો, ભારે, ગોળ)
(૧૩) વિદ્યાર્થી : અભ્યાસ — સંન્યાસી : ? (લોટો, જંગલ, માળા, તપ)
(૧૪) ભાભી : ભાઈ — ફોઈ : ? (મામા, કુઆ, કાકા, સસરા)
(૧૫) ઉનાળો : પંખો — શિયાળો : ? (ઠંડી, સગડી, ટાઢ, હવા)
(૧૬) કેરી : આંબો — ટેટો : ? (લીમડો, જાંબુડો, પપૈયો, વડ)
(૧૭) કાગડો : મેશ — બગલો : ? (માછલી, સરોવર, દૂધ, તળાવ)
(૧૮) ચા : ગરમ — શરબત : ? (રંગીન, ગળ્યું, ખાટું, ઠંડું)
(૧૯) બંગડી : હાથ — વીંટી : ? (વેઢ, અંગૂઠો, સોનું, આંગળી)
(૨૦) ગોળ : શેરડી — ઘી : ? (દૂધ, હલવો, મેવા, મીઠાઈ)
(૨૧) ચોપટ : પંખી — પતંગિયું : ? (જીવડું, પાંખ, પશુ, ફૂલ)
(૨૨) રંગ : આંખ — સુગંધ : ? (ફૂલ, અત્તર, નાક, શ્વાસ)
(૨૩) હર્ષ : શોક — જન્મ : ? (બાળક, તારીખ, વરસ, મરણ)

અહીં અટકી જાઓ.

કસોટી ૪

વર્ગીકરણ

સૂચના : નીચે દરેક હારમાં પાંચ પાંચ ચિત્રો છે. પહેલી હારમાં પહેલાં ચાર ચિત્રો શાકનાં છે, જ્યારે પાંચમું ચિત્ર કેરીનું છે. એ ફળ છે, માટે તે શાકથી જુદી પડે છે. આથી એ ચિત્ર ઉપર ચોકડી કરી છે. બીજી હાર જુઓ. પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા ચિત્રમાં જુદા જુદા ધર્મના ગુરુઓ છે, જ્યારે ચોથું ચિત્ર ભિખારીનું છે. આમ ચોથું ચિત્ર જુદું પડે છે, એટલે તેના પર ચોકડી કરી છે. આમ દરેક હારમાં જે એક ચિત્ર બીજાં ચિત્રોથી જુદું પડતું હોય તે શોધી કાઢી તેના પર ચોકડી કરો.

૧



૨



૩



૪



૫



સામા પાન પર કામ ચાલુ રાખો.

૬

૬



૭



૮



૯



૧૦



૧૧

પાનું ફેરવી કામ ચાલુ રાખો.

૮

૧૨



૧૩



૧૪



૧૫



૧૬



૧૭



સામા પાના પર કામ ચાલુ રાખો.

૧૮



૧૯

૨૦



૨૧



૨૨



૨૩



અહીં અટકી જાઓ.

કસોટી ૫

અર્થ વગરનું ચિત્ર શોધવું

સૂચના : નીચે દરેક ચોકઠામાં ચાર ચાર ચિત્રો દોર્યાં છે. તે ચારમાંનું એક ચિત્ર અર્થ વગરનું છે. દાખલા તરીકે પહેલું ચોકઠું જુઓ. ઘોડો, સિંહ, ઊંટ અને હાથી પર માણસ બેઠા છે. ઘોડા, ઊંટ અને હાથીને માણસ વાહન તરીકે વાપરે છે, પણ સિંહને કોઈ વાહન બનાવે નહિ, માટે તે ચિત્ર ખોટું છે. આથી તેના પર ચોકડી કરી છે. એ જ પ્રમાણે દરેક ચોકઠામાં ચારમાંથી જે એક ચિત્ર અર્થ વગરનું કે ખોટું લાગતું હોય તેના પર ચોકડી કરો.



સામા પાના પર કામ ચાલુ રાખો.

















અહીં અટકી જાઓ.

કસોટી ૬

તૂટેલા અરીસા

સૂચના : નીચેનાં ચિત્રોમાં દરેક હારમાં ડાબી બાજુ અરીસો આપેલો છે. એ અરીસામાં જ્યાં બાંધો કાળો ભાગ દેખાય છે ત્યાંથી કાચ તૂટી ગયેલો છે. અરીસા સામે બીજા ચાર કાચના ટુકડા બતાવેલા છે. એમાંથી કયો ટુકડો અરીસાના તૂટેલા ભાગ જેવો બરાબર દેખાય છે, તે શોધી કાઢી તેના ઉપર ✓ નિશાન કરો. દાખલા તરીકે, પહેલા અરીસા સામેનો ત્રીજો ટુકડો તૂટેલા ભાગ જેવો બરાબર દેખાય છે. માટે તેના ઉપર ✓ નિશાન કર્યું છે. એ પ્રમાણે આગળ ચાલો.



સામા પાન પર કામ ચાલુ રાખો.

294



પાનું ફેરવી કામ ચાલુ રાખો.

૧૪



સામા પાના પર કામ ચાલુ રાખો.

296

૨૦



૨૧



૨૨



૨૩



૨૪



૨૫



૨૬



અહીં અટકી જાઓ.

કસોટી ૭

વાર્તામાં શબ્દ પસંદગી

સૂચના : નીચે એક વાર્તા આપેલી છે. એમાં કેટલીક જગ્યાએ મોટા અક્ષરે ત્રણ ત્રણ શબ્દો મૂકેલા છે. એવી દરેક જગ્યાએ ત્રણમાંથી એક જ શબ્દ વાર્તામાં બંધ બેસતો આવે છે. એ શબ્દ શોધી કાઢી તેની નીચે લીટી દોરો. બાકીના બે ખોટા શબ્દો ઉપર ચોકડી કે એવું કંઈ કરવાની જરૂર નથી. પહેલું ઉદાહરણ આપ્યું છે તે પ્રમાણે આગળ પણ કામ કરો.

હીરાલાલ નામે એક ધોબીનો **કૂતરો** | છોકરો | **બળદ** તેનાં માબાપ સાથે એક ઝૂંપડીમાં રહેતો હતો. તેના બાપ સાથે કેટલીક વાર તે મોટામોટા બંગલાઓમાં ધોવાનાં કપડાં લેવા જતો તથા ધોયેલાં કપડાં **આપવા** | **વેચવા** | **લેવા** જતો. તેને ભાતભાતના **કદરૂપા** | **સુંદર** | **ખંડેર** બંગલાઓ જોવા બહુ ગમતા. તેને મનમાં થતું કે મારે પણ આવા કોઈ ખૂબ સુંદર **બંગલામાં** | **બગીચામાં** | **ઝૂંપડામાં** રહેવાનું હોય તો **થોડું** | **નહિ** | **કેવું** સારું! એક દિવસ તે નિશાળમાંથી **બંગલે** | **ઘેર** | **નદીએ** પાછો ન ગયો, પણ તેનાં સાથે **લઢતા—ભણતા** | **કૂદતા** એક **ભાઈબંધને** | **શેઠને** | **દુશ્મનને** બંગલે રહેવા ગયો. પેલા ભાઈબંધે તેને **ખાવાનું** | **ગાવાનું** | **ફરવાનું** આપ્યું, પણ બંગલામાં રહેવા દેવાની ના પાડી. હીરાલાલ ત્યાંથી બીજા ઘણા બંગલે સૂતો | **ભટક્યો** | **ખાધું** અને ઘણા શેઠોને આજીજી કરી, "મને **નોકર** | **શેઠ** | **શિક્ષક** તરીકે રાખો, અને તમારા બંગલાના ઓટલા ઉપર **રમવા** | **ભણવા** | **સૂવા** દેજો. હું તમે કહેશો તે બધું કામ કરીશ." પણ તેને કોઈએ રાખ્યો **નહિ**. આખરે થાકીને મોડી રાતે **બંગલે** | **ઘેર** | **નિશાળે** ગયો. તેનાં માતાપિતાએ તેને ખૂબ **માર્યો** | **શોધ્યો** | **રડાવ્યો** હતો, પણ તે ન જડવાથી તેઓ **રડ્યા** | **શોધ્યા** | **ખાધાપીધા** વિના બેસી રહ્યાં હતાં. હીરાલાલે તેમને પોતાની **રમત** | **વાત** | **મઝા** કહી અને **તૂટી** | **રડી** | **કૂદી** પડ્યો. તેના પિતાએ તેને **શિખામણ** | **પ્રસાદી** | **બરફી** આપી, "પારકાના **મહેલ** | **બાંકડા** | **કપડાં** કરતાં આપણી પોતાની **ઈસ્ત્રી** | **ખુરશી** | **ઝૂંપડી** વધારે સારી. ધરતીનો છેડો ઘર." ત્યારથી હીરાલાલને કોઈના મોટા બંગલાઓ **દૂર** | **વહાલા** | **પીળા** લાગતા **નહિ**. મોટા થતાં તેણે સરસ **ધોબીની** | **નિશાળમાં** | **બળદની** દુકાન કાઢી, અને તેમાંથી ઘણું કમાયો. પછી એક નાનકડો **હીંચકો** | **ફ્રેંટો** | **બંગલો** બાંધી તેમાં રહેવા લાગ્યો.

શીલા પ્રિન્ટિંગ પ્રેસ, ૧૮, સિટીમિલ, કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ
પ્રકાશક: ભારત પ્રકાશન, ૪૪ કલ્યાણભવન, તિલક રોડ, અમદાવાદ-૧
દ્વિતીય સંસ્કરણ : ૧૯૭૨ પ્રત : ૫,૦૦૦ કિંમત ૩૦ પૈસા.